TG-FAME Series
(Target Group Financial Awareness Messages)
લક્ષ્ય જૂથ નાણાકીય જાગૃતિ સંદેશાઓ




# ખેડૂતો માટે નાણાકીય સાક્ષરતા



# ખેડૂતો

નાણાકીય સમાવેશન અને વિકાસ વિભાગ - ભારતીય રિઝર્વ બેંક

**સંદેશ 1**

કિસાન ક્રેડિટ કાર્ડ યોજના - મુખ્યત્વે પાક લોનની જરૂરિયાતો અને અંશતઃ વપરાશના હેતુઓ માટે

**સંદેશ 2**

પાક લોનની ઝડપી ચુકવણી કેટલાક લાભો ધરાવે છે

**સંદેશ 3**

ખેત પેદાશોના આપત્તિજનક વેચાણને ટાળો - 'વેરહાઉસ રસીદો સામે ધિરાણ' નો ઉપયોગ કરો

**સંદેશ 4**

પાક વીમો - પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (પીએમએફબીવાય)

**સંદેશ 5**

કુદરતી આપત્તિને કારણે તમે પાકને ગુમાવો તો પણ આશા ગુમાવશો નહીં - તમારી બેંકને પાક નુકશાનના પ્રમાણ અંગે જાણ કરો અને બેન્ક પાસેથી સહાય મેળવો



કિસાન ક્રેડિટ કાર્ડ યોજના - મુખ્યત્વે પાકની લોનની જરૂરિયાતો માટે અને અંશતઃ વપરાશના હેતુઓ માટે

ખેત પેદાશોના આપત્તિજનક વેચાણને ટાળો - વેરહાઉસ રસીદો સામે પોસ્ટ હાર્વેસ્ટ ફાઇનાન્સિંગનો ઉપયોગ કરો #

પાક લોનની ઝડપી પુનઃ ચુકવણીમાં ઘણા લાભો છે - વ્યાજ સહાય યોજના *



કુદરતી આફતો દરમિયાન જો તમે તમારો પાક ગુમાવો તો પણ આશા ગુમાવશો નહીં - પાકની ખોટના પ્રમાણ અંગે તમારી બેંકને જાણ કરો અને પુનઃરચનાના રૂપમાં બેંકો પાસેથી સહાય મેળવો

તમારા પાકને વીમાકૃત કરો અને તમારી જાતને સુરક્ષિત કરો- પ્રધાનમંત્રી ફસલ બિમા યોજના (પીએમએફબીવાય) દ્વારા પાક વીમો

* ભારત સરકાર દ્વારા વખતો વખત જાહેર કરવામાં આવે છે
\# નાના અને સીમાંત ખેડૂતો માટે જ

## સંદેશ 1 : કિસાન ક્રેડિટ કાર્ડ યોજના-મુખ્યત્વે પાક લોનની જરૂરિયાતો માટે અને અંશતઃ વપરાશના હેતુઓ માટે

કિસાન ક્રેડીટ કાર્ડ યોજના આકસ્મિક ખર્ચાઓ અને આનુષાંગિક પ્રવૃત્તિઓ સંબંધિત ખર્ચાઓ ઉપરાંત ખેડૂતોને તેમના ઉત્પાદનની ક્રેડિટ જરૂરિયાતો (વાવેતરના ખર્ચાઓ) ને પહોંચી વળવા જ્યારે જરૂરી હોય ત્યારે લોન મેળવવાની સરળ પ્રક્રિયા દ્વારા સમયસર અને પર્યાપ્ત ધિરાણ આપવાનું લક્ષ્ય રાખે છે.

1



પાકની ખેતી માટે ટૂંકી મુદતની ધિરાણ જરૂરિયાતો પૂરી કરવા માટે

2



કાપણી પછી ના ખર્ચા

3



ખેત પેદાશોના માર્કેટીંગ માટે લોન

4



કૃષિ અસ્કયામતોની જાળવણી અને ડેરી પ્રાણીઓ, અંતર્દેશીય મત્સ્ય ઉદ્યોગ વગેરે જેવી કૃષિને લગતી પ્રવૃત્તિઓ માટે કાર્યકારી મૂડી

5



ખેડૂતની ઘરઘથ્થુ વપરાશની જરૂરિયાતો

6




કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ માટે પંપ સેટ, સ્પ્રેઅર્સ, ડેરી ફાર્મ વગેરે જેવી ઇન્વેસ્ટમેન્ટ ક્રેડિટની જરૂરિયાત




**નોંધ :**
**1 થી 5 ટૂંકા ગાળાની ક્રેડિટ મર્યાદાનો ભાગ બનશે અને 6 લાંબા ગાળાની ક્રેડિટ મર્યાદાનો ભાગ બનશે.**

કેસીસી હેઠળની ટૂંકા ગાળાની મર્યાદાના 10 ટકાનો ઉપયોગ ઘર વપરાશના હેતુ માટે કરી શકાય છે, પરંતુ વપરાશ ખર્ચ માટે વધુ ભંડોળ ન વાપરવું એ સલાહ ભર્યું છે.




**શા માટે ?**

કેસીસીનો હેતુ તમારી પાક લોનની જરૂરિયાતોને પૂરી કરવા માટે છે. કેસીસી ફંડ્સની ઘરેલુ ખર્ચ પર ખર્ચવામાં આવેલી મોટી રકમ તમારી આવક પેદા કરવાની ક્ષમતા પર અસર કરશે. તમારા ખેતરની પ્રવૃત્તિઓમાંથી થયેલ આવક કેસીસી હેઠળની બાકી લોનની ચૂકવણી કરવામાં મદદ કરે છે. જ્યારે તમે ભંડોળને પાક પ્રવૃત્તિઓને બદલે બીજી તરફ વાળો છો ત્યારે તમે તમારી લોનની ચૂકવણીની સ્થિતિમાં ન પણ હોઈ શકો.




## કેસીસીના લક્ષણો :

1. કેસીસીના લોનધારકોને એટીએમ કમ ડેબિટ કાર્ડ આપવામાં આવશે, જે તેમને કેસીસી એકાઉન્ટ્સમાંથી એટીએમ મારફતે પૈસા ઉપાડવા અને પી.ઓ.એસ. ટર્મિનલ મારફતે ચુકવણી કરવા સક્ષમ કરે છે.
2. કેસીસી ફરતા ખાતાના સ્વરૂપમાં રહેશે. ખાતામાં ક્રેડિટ બેલેન્સ, જો કોઇ હોય તો, બચત બેંક રેટનું વ્યાજ મેળવશે.

**1 લાખની લોનની મર્યાદા સુધી કોલેટરલ સિક્યોરીટી માફ કરવામાં આવે છે**

## સંદેશ 2 : પાક લોનની ઝડપી પુનઃ ચુકવણીમાં કેટલાક લાભો છે

| | |
|---|---|
| **બેંક પાસેથી ઉધાર**  | વર્ષ 2017-18 ના સમયગાળા દરમિયાન ₹3 લાખ સુધીની ટૂંકા ગાળાની પાકની લોન માટે 4 ટકા વ્યાજ દર (સમય સમય પર ભારત સરકાર દ્વારા જાહેર કરાયેલ વ્યાજ સહાયક સ્કીમ)* |
| **બિન નોંધાયેલ સંસ્થાઓ/શાહુકારો પાસેથી ઉધાર**  | ઊંચો વ્યાજ દર, કોલેટરલ જરૂરી હોય અથવા ન પણ હોઇ શકે |
| **સમયસર લોન અને વ્યાજની ચુકવણીનો લાભ**  | → ક્રેડિટ સ્કોર સુધારણા<br>→ આગામી સમયમાં ઉચ્ચ રકમની લોન<br>→ વ્યાજ ખર્ચમાં ઘટાડો |

* 4 ટકા દર માટે પાત્ર થવા માટે, ખેડૂતે બેંક દ્વારા નક્કી કરેલી તારીખની અંદર લોન પરત કરવાની રહેશે; જે કોઇ પણ સંજોગોમાં એક વર્ષ કરતા વધી શકશે નહીં.

## સંદેશ 3 : ખેત પેદાશોના આપત્તિજનક વેચાણને અટકાવો - વેરહાઉસ રસીદો સામે ધિરાણનો ઉપયોગ કરો

જ્યારે તમારી પાસે સારો પાક હોય ત્યારે માત્ર અર્ધું કામ થાય છે. તમારે તમારા ઉત્પાદનોને સારા ભાવે વેચવાની જરૂર છે.



**નીચા ભાવે વેચાણ કરશો નહીં !**

### વેર હાઉસીસ (વખારો) નો ઉપયોગ કરો



જો તમને લાગતું હોય કે તમને વાજબી કિંમત નથી મળી રહી, તો વેરહાઉસ રસીદો # સામે વેરહાઉસીસમાં તમારા ઉત્પાદનોનો સંગ્રહ કરો. તમને તમારી તાત્કાલિક રોકડ જરૂરિયાતો માટે બેંક પાસેથી ધિરાણ મળશે - કિસાન ક્રેડિટ કાર્ડ (કેસીસી) ધરાવતા નાના અને સીમાંત ખેડૂતોને વ્યાજ સહાયનો ફાયદો ઉપલબ્ધ રહેશે. પાક તૈયાર થઇ ગયા પછી તેમનાં ઉત્પાદનને બીજા છ મહિનાના ગાળા માટે વેરહાઉસીસમાં રાખવાં માટે આ નેગોશીએબલ વેરહાઉસ રસીદ સામે 7 ટકા* ના દરે મળશે.

* ભારત સરકાર દ્વારા સમયાંતરે જાહેર કરાતી નવીનતમ વ્યાજ સહાય યોજના

# ડબ્લ્યુડીઆરએ (વેરહાઉસિંગ ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેટરી ઓથોરિટી) માં માન્યતા પ્રાપ્ત વેરહાઉસ દ્વારા જારી કરાયેલ

## સંદેશ 4 : પાક વીમો-પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (પીએમએફબીવાય)

### વ્યાપક વીમા કવર

પાકની નિષ્ફળતા સામે પીએમએફબીવાય વ્યાપક વીમા કવર પુરું પાડે છે જેનાથી ખેડૂતોની આવકને સ્થિર કરવામાં અને નવીન પ્રથાઓ અપનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં મદદ મળે છે.

### ઓછા પ્રીમિયમના દર

ખેડૂતો માટે **PMFBY** ઓછા પ્રીમિયમના દરે ઉપલબ્ધ છેઃ રવી સીઝન માટે વીમા રકમના વધુમાં વધુ 1.5 ટકા સુધી, ખાદ્ય પાકો, કઠોળ, તેલીબિયાં (ખરીફ) માટે વીમા રકમના વધુમાં વધુ 2 ટકા સુધી અને વાર્ષિક બાગાયત/વાણિજ્યિક પાક માટે વીમા રકમના 5 ટકા સુધી. ચોક્કસ કિસ્સાઓમાં આ યોજના કાપણી પછીના જોખમો સહિત પાક ચક્રના તમામ તબક્કાઓ માટે વીમા કવર પૂરું પાડે છે.

### પ્રીમીયમમાં તફાવત

ખેડૂતો દ્વારા ચૂકવવાપાત્ર પ્રીમિયમ અને વીમા શુલ્કના દર વચ્ચેનો તફાવત કેન્દ્ર અને રાજ્ય વચ્ચે સમાન રીતે વહેંચવામાં આવશે.



### વિવિધ કુદરતી આપત્તિઓમાંથી ઉપજ નુકસાન માટેનું કવર

(i) કુદરતી આગ અને આકાશી વીજળી (ii) તોફાન, કરાવૃષ્ટિ, ચક્રવાત, ઝંઝાવાત, વાવાઝોડું વગેરે (iii) પૂર, જળપ્રલય અને ભૂસ્ખલન (iv) દુકાળ, સુકા સમય (v) કીટક/રોગો વગેરેથી થતું પાકનું નુકશાન. પાક પછીના નુકશાન અને ઓળખાયેલા સ્થાનિક જોખમો (એટલે કે કરાવૃષ્ટિ, ભૂસ્ખલન, અને જળપ્રલયની ઘટનાના પરિણામે આ સૂચિત વિસ્તારમાં છૂટાછવાયા ખેતરોને અસર કરતા નુકશાન/ખોટ આ યોજના હેઠળ આવરી લેવાય છે.

### લોન લેનારા ખેડૂતો માટે ફરજિયાત

સૂચિત પાક માટે લોન લેનાર/કેસીસી એકાઉન્ટ દ્વારા લોન લેનાર ખેડૂત માટે આ યોજના ફરજિયાત છે. જો કે, તે અન્ય/લોન ન લેનાર ખેડૂતો માટે સ્વૈચ્છિક છે જેઓ વીમાકૃત પાકમાં વીમાપાત્ર હિત ધરાવે છે.

### નુકશાન સામે રક્ષણના 3 સ્તરો

નુકસાનના ત્રણ સ્તર - 70 ટકા, 80 ટકા અને 90 ટકા કે જે વિસ્તારોમાં પાકના જોખમને અનુરૂપ હોય તે તમામ પાક માટે ઉપલબ્ધ રહેશે.



નુકસાન સામે રક્ષણ = કાનૂની જવાબદારી, નુકશાન અથવા નાણાકીય બોજ સામે રક્ષણ

## સંદેશ 5 : કુદરતી આપત્તિને કારણે તમે પાકને ગુમાવશો તો પણ આશા ગુમાવશો નહીં - તમારી બેંકને પાક નુકશાનના પ્રમાણ અંગે જાણ કરો અને બેંકો પાસેથી સહાય મેળવો



**એકવાર કેન્દ્ર અને રાજ્ય સરકારે તમારા વિસ્તારને કુદરતી આફતો (ઉ.ત. ચક્રવાત, દુષ્કાળ, ભૂકંપ, આગ, પૂર, સુનામી, કરા વૃષ્ટિ, ભૂસ્ખલન, હિમપ્રપાત, વાદળ વિસ્ફોટ, કીટક હુમલો અને શીત લહેર/હીમ) દ્વારા અસરગ્રસ્ત જાહેર કર્યા હોય અને જો પાક નુકશાન 33 ટકા અથવા વધુ હોવાની આકારણી કરવામાં આવે, તો તે આવશ્યક છે કે તમે બેંક શાખા પાસે પહોંચો જેણે તમને લોન આપી છે, કારણ કે કુદરતી આપત્તિના કારણે થયેલા નુકશાનને લીધે તમારી પુનઃ ચુકવણી ક્ષમતાનો હ્રાસ થઇ જાય છે.**

## બેંક તમારા માટે શું કરી શકે છે ?



### ટૂંકા ગાળાની લોન (પાક લોન)

જો નુકશાન 33 ટકા અને 50 ટકાની વચ્ચે હોય તો વધુમાં વધુ બે વર્ષ સુધીના સમયગાળામાં (1 વર્ષના મોરેટોરિયમ (મોકુફી) સમયગાળા સહિત) પુનઃ ચુકવણીની મંજૂરી આપવામાં આવશે અને જો પાકનું નુકશાન 50 ટકા અથવા વધુ હોય તો પુનઃ ચુકવણી માટે પુનરચનાની મુદત વધુમાં વધુ પાંચ વર્ષ સુધી લંબાવવામાં આવે છે (જેમાં એક વર્ષનાં મોકૂફીના સમયનો સમાવેશ થાય છે)

પુનઃ રચનાના તમામ કેસોમાં, ઓછામાં ઓછો એક વર્ષનો મોકૂફીનો સમય ગણવામાં આવશે. વધુમાં, આવી પુનર્ગઠિત લોન માટે બેન્કો વધારાની કોલેટરલ સિક્યોરિટી માટે આગ્રહ નહીં રાખે.

**કૃષિ લોન** - લાંબા ગાળાની (ઇન્વેસ્ટમેંટ) ક્રેડિટ : - તમારી પુનઃ ચુકવણીની ક્ષમતા અને કુદરતી આપત્તિના પ્રકાર અને હદને ધ્યાનમાં રાખીને હાલની મુદતની લોનના હપ્તાને ફરીથી સુનિશ્ચિત કરવામાં આવશે.

**કુદરતી આપત્તિઓના કારણે જ્યારે તમે તમારો પાક ગુમાવો છો, તો તમારી ફરજ છે કે આ વિશે તમે બેંકની શાખાને જાણ કરો અને (બેંકની) સહાય મેળવો.**

# લક્ષ્ય વિશિષ્ટ નાણાકીય શિક્ષણ સામગ્રી

રિઝર્વ બેન્કના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, શ્રી દિપક મોહંતીની અધ્યક્ષતા હેઠળ નાણાકીય સમાવેશના મીડીમય ટર્મ પાથ પરની સમિતિની ભલામણોમાંની એક, નાણાકીય શિક્ષણ માટેનો 'વન સાઇઝ ફીટસ ઓલ' અભિગમ આદર્શ કરતાં ઓછો હોઈ શકે છે કારણ કે વિવિધ લક્ષ્ય જૂથોને વિવિધ પ્રકારના નાણાકીય શિક્ષણની જરૂર છે, પરિણામે, સામગ્રીને વિવિધ લક્ષ્ય જૂથો માટે કસ્ટમાઇઝ કરવાની જરૂર છે.

ભારતીય રિઝર્વ બેન્કનાં ધ ફાઇનાન્સિયલ ઇન્કલુઝન અને ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ, પાંચ અલગ અલગ લક્ષ્ય જૂથો માટે વૈવિધ્યપૂર્ણ નાણાકીય સાક્ષરતા સામગ્રી સાથે આવ્યું છે એટલે કે ખેડૂતો, નાના સાહસિકો, સ્કૂલનાં બાળકો, સ્વ સહાય જૂથો (એસએચજી) અને વરિષ્ટ નાગરિકો. આ પુસ્તક વૈવિધ્યપૂર્ણ નાણાકીય સાક્ષરતા વિષયવસ્તુ પર પાંચ પુસ્તકોની શ્રેણીમાનું એક છે.

**ડિસ્કલેઇમર**

વાચકને નાણાકીય રીતે શિક્ષિત બનાવવાના હેતુથી આ પુસ્તક 'વાંચન અને શિક્ષણ સામગ્રી' તરીક રજૂ કરવામાં આવ્યું છે તેનો હેતુ કોઇ ચોક્કસ નાણાકીય ઉત્પાદન /સેવા અથવા સેવાઓના સંબંધમા નિર્ણય કરવા વાચકને પ્રભાવિત કરવાનો નથી.

**કોપિરાઇટ**

પ્રથમ આવૃત્તિ - એપ્રિલ 2018

સ્ત્રોતનો સ્વીકાર કરવામાં આવે તો પુનઃપ્રકાશનની પરવાનગી છે.

**લિખિત અને પ્રકાશિતઃ**

નાણાકીય સમાવેશન અને વિકાસ વિભાગ

ભારતીય રિઝર્વ બેંક

10 મો માળ, કેન્દ્રીય કાર્યાલય ભવન,

શહીદ ભગતસિંહ માર્ગ,

ફોર્ટ-મુંબઇ

**સ્વીકૃતિઓ**

ડિઝાઇનઃકૌશિક રામચંદ્રન

**નાણાકીય સમાવેશન અને વિકાસ વિભાગ**
**ભારતીય રિઝર્વ બેન્ક**

**10 મો માળ, કેન્દ્રીય કાર્યાલય ભવન,**
**મુંબઇ 400001, ભારત**